**(1) તાજેતરમાં પરીક્ષણ કરવામાં આવેલ "અભ્યાસ" (ABHYAS) ડ્રોનના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?**

(1) તેનું પરીક્ષણ તાજેતરમાં ઓડિશાના બાલાસોર ખાતેથી કરવામાં આવ્યું હતું.

(2) અભ્યાસ એ ટર્બાઈન એન્જિન દ્વારા સંચાલિત છે.

(3) તેનો ઉપયોગ એ વિભિન્ન મિસાઈલ પ્રણાલીઓના મૂલ્યાંકન માટે એક લક્ષ્યના રૂપમાં કરવામાં આવશે.

(A) માત્ર (1) અને (2)

(B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન **(DRDO)** દ્વારા ઓડિશાના બાલાસોર રેન્જથી "અભ્યાસ" **(ABHYAS)** "હાઈ–સ્પીડ એક્સપેંડેબલ એરિયલ ટાર્ગેટ"નું સફળ ઉડાન પરીક્ષણ કર્યું હતું.

⇛ આ એક ડ્રોન છે જેનો વિભિન્ન મિસાઈલ પ્રણાલીઓના મૂલ્યાંકન માટે એક લક્ષ્યના રૂપમાં ઉપયોગ કરવામાં આવશે.

⇛ અભ્યાસને એરોનોટિકલ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિસમેન્ટ દ્વારા ડિઝાઈન અને વિકસિત કરવામાં આવેલ છે.

⇛ અભ્યાસ એક નાના ગેસ ટાર્બાઈન એન્જિન દ્વારા સંચાલિત છે. તેમાં માર્ગદર્શન અને નિયંત્રણ માટે ઉડાન નિયંત્રણ કમ્પ્યુટર સાથે નેવિગેશન માટે માઈક્રોઈલેક્ટ્રોમેકેનિકલ સિસ્ટમ આધારિત ઈનરટ્રિયલ નેવિગેશન સિસ્ટમ છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) કૃતજ્ઞ હેકથોનના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?

(1) તેનુ આયોજન તાજેતરમાં નીતિ આયોગ દ્વારા કૃષિ તકનિકી જ્ઞાનના સંદર્ભે કર્યું હતું.

(2) કોઈપણ યુનિવર્સિટી અને કોલેજના વિદ્યાર્થીઓ તેના અંતર્ગત ભાગ લઈ શકશે.

(3) આ હેકાથોન અંતર્ગત વિજેતા થનારને રૂ. 5 લાખનું ઈનામ આપવામાં અવશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇒ **જવાબ :- B**

**સમજૂતી :**

⇒ તાજેતરમાં રાષ્ટ્રીય કૃષિ ઉચ્ચ શિક્ષા પ્રોજેક્ટ અંતર્ગત ભારતીય કૃષિ સંશોધન પરિષદ દ્વારા કૃતજ્ઞ (કૃષિ તકનિકી–જ્ઞાન) હેકાથોનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

⇒ તેની શરૂઆત મશીનીકરણ અને વિશેષ રૂપથી મહિલાઓને અનુકૂળ ઉપકરણને પ્રોત્સાહન આપવાના લક્ષ્ય સાથે કરવામાં આવી છે.

⇒ કોઈપણ યુનિવર્સિટી અને કોલેજના વિદ્યાર્થીઓ તેમાં અરજી કરી ભાગ લઈ શકે છે.

⇒ આ સમારોહમાં પ્રથમ વિજેતાને રૂ. 5 લાખ, દ્વિતીય વિજેતાને રૂ. 3 લાખ અને તૃતીય વિજેતો રૂ. 1 લાખનું ઈનામ આપવામાં આવશે.

⇒ આ હેકાથોનનો ઉદ્દેશ્ય કૃષિ મશીનીકરણમાં નવીનતાને આગળ વધારી કૃષિ ઉત્પાદકતાને લાભ પ્રદાન કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) વિશ્વ સમુદ્રી દિવસના સંદર્ભે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ દિવસનું આયોજન એ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કરવામાં આવે છે.
(2) આ દિવસનું પ્રથમ વખત આયોજન એ વર્ષ 1978માં કરવામાં આવ્યું હતું.
(3) વર્ષ 2020ના દિવસની થીમ એ "સતત ગ્રહ માટે સતત શિપિંગ" રાખવામાં આવી હતી.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ દર વર્ષે સપ્ટેમ્બર મહિનાના અંતિમ બુધવારને વિશ્વ સમુદ્રી દિવસના રૂપમાં મનાવવામાં આવે છે.

⇛ તેના દ્વારા શિપિંગ સુરક્ષાનું મહત્ત્વ, સમુદ્રી સુરક્ષા તથા સમુદ્રી વાતાવરણની સુરક્ષા અને સમુદ્ર ઉદ્યોગ પર પ્રકાશ પાડવામાં આવે છે.

⇛ વર્ષ 2020ના આ દિવસની થીમ "સતત ગ્રહ માટે સતત શિપિંગ" રાખવામાં આવી હતી.

⇛ વિશ્વ સમુદ્રી દિવસનું આયોજન આંતરરાષ્ટ્રીય સમુદ્રી સંગઠન દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ સૌ પ્રથમ વખત તેનું આયોજન એ વર્ષ 1978માં કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસના સંદર્ભે નીચેનામાંથી સાચાં વિધાનો સાચા છે ?**

(1) આ દિવસનું આયોજન એ સંયુકત રાષ્ટ્ર દ્વારા કરવામાં આવે છે.

(2) દર વર્ષે 23 સપ્ટેમ્બરના રોજ આ દિવસનું આયોજન કરવામાં આવે છે.

(3) વર્ષ 2020ના આ દિવસની થીમ એ "બધા માટે સાંકેતિક ભાષાનો અધિકાર" રાખવામાં આવી હતી.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ દર વર્ષે 23 સપ્ટેમ્બરને આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસના રૂપમાં મનાવવામાં આવે છે.

⇛ આ દિવસનો ઉદ્દેશ્ય એ સાંકેતિક ભાષાના સંદર્ભમાં જાગૃકતા ફેલાવવાનો છે.

⇛ વર્ષ 2020ના આ દિવસની થીમ એ "બધા માટે સાંકેતિક ભાષાનો અધિકાર" રાખવામાં આવી હતી.

⇛ વર્ષ 2017થી સંયુકત રાષ્ટ્ર દ્વારા આ દિવસની સ્થાપના કરવામાં આવી હતી.

⇛ વિશ્વ બધિર સંઘ અનુસાર વિશ્વમાં લગભગ 72 મિલિયનથી વધુ બધિર લોકો છે જેઓ સાંભળી શકતા નથી. તેમાંથી 80% લોકો વિકાસશીલ દેશોમાં રહે છે, તેઓ 300થી વધારે સાંકેતિક ભાષાઓનો ઉપયોગ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) DRDO દ્વારા પરીક્ષણ કરવામાં આવેલ એન્ટિ-ટેંક ગાઈડેડ મિસાઈલના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?

(1) તાજેતરમાં તેનું સફળ પરીક્ષણ મહારાષ્ટ્ર ખાતેથી કરવામાં આવ્યું હતું.

(2) તેની રેન્જ એ 100 કિમી છે.

(3) આ એક લેઝર ગાઈડેડ એન્ટિ–ટેંક મિસાઈલ છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં **DRDO** દ્વારા મહારાષ્ટ્રમાં ફાયરિંગ રેન્જમાં સ્વદેશી રૂપથી વિકસિત લેઝર ગાઈડેડ એન્ટિ–ટેંક ગાઈડેડ મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું.

⇛ તેની રેન્જ એ **4** કિમીની છે. (આથી, વિધાન **(2)** ખોટું છે.)

⇛ આ મિસાઈલ પાકિસ્તાન અને ચીન સાથેની સીમા પર ભારતીય સેનાની મારક ક્ષમતાને વધારશે.

⇛ આ મિસાઈલ એ ચોક્કસતા સાથે લક્ષ્યોને નષ્ટ કરવાની ક્ષમતા ધરાવે છે.

⇛ એન્ટિ–ટેંક ગાઈડેડ મિસાઈલને ભારે વાહનો અને ટેંકોને નષ્ટ કરવા માટે ડિઝાઈન કરવામાં આવેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

## Social Media Icon પર Click કરો.

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

**YouTube**

ICE RAJKOT

**Instagram**

ICE RAJKOT

**Facebook**

*like* | *comment* | *share*

ICE RAJKOT

**twitter**

ICE RAJKOT